# સાબરડેરીની ચૂંટણીનું પરિણામ જાહેર : અપેક્ષિત પેનલ વિજયી

## ૪ બેઠકો માટે ૯૯.૧૨ ટકા મતદાન થયુ હતુ : પરિવર્તન પેનલના ઉમેદવારોનો રકાશ : એકાદ માસમાં ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાશે

હિંમતનગર, તા. ૨૩ સાબરડેરીની ૧૬ પૈકી ૪ બેઠકો માટે શુક્રવારે યોજાયેલા





મતદાન બાદ તેની મતગણતરી શનિવારે સાબરડેરીના હોલમાં બે રાઉન્ડમાં કરાઈ હતી જેમાં બે રાઉન્ડને અંતે પૂર્વ ચેરમેન પ્રેરીત વિકાસ પેનલના ચારેય ઉમેદવારો જંગી બહુમતિથી વિજયી બન્યા હતા. જોકે પ્રતિસ્પર્ધી પરીવર્તન પેનલના ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો. મતગણતરી દરમિયાન ૯૦૬ પૈકી ૬૯ મત અમાન્ય ઠર્યા હતા. પરિણામ જાહેર થયા બાદ વિજયી ઉમેદવારોને સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ટેકેદારો અને શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા બાદ બંને જિલ્લાના સહકારી અગ્રણીઓના પ્રયાસથી સાબરકાંઠાના સહકારી ક્ષેત્રની સંસ્થાઓમાં સાબરકાંઠા બેંક બાદ સાબરડેરીમાં ડિરેક્ટરોની બિનહરીફ વરણી થાય તે માટે સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલની કુનેહ તથા દુરંદેશીને લીધે સાબરડેરીની ૧૨ બેઠકો બિનહરીફ થઈ હતી.

જોકે ૧૬ પૈકી હિંમતનગર-૧, પ્રાંતિજ, તલોદ અને માલપુર બેઠક માટે ચૂંટણી અનિવાર્ય બની હતી. જેથી તા. ૨૨ ફેબ્રુઆરીએ સાબરડેરીના હોલમાં મતદાન યોજાયુ હતુ. જેમાં સાબરકાંઠા અને અરવલ્લીના મળી ૯૧૪ પૈકી ૯૦૬ મતદારોએ મતદાન કર્યુ હતુ જેના લીધે ૯૯.૧૨ ટકા મતદાન થવા પામ્યુ હતુ. ત્યારબાદ શનિવારે સાબરડેરી ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં વિકાસ પેનલના ચારેય ઉમેદવારો પરિવર્તન પેનલના ઉમેદવારો કરતા આગળ રહ્યા હતા.

બીજા રાઉન્ડને અંતે ગણતરી દરમિયાન વિકાસ પેનલના ઉમેદવારો જીત તરફ તેજ ગતિએ આગળ રહેતા બપોરે બાર વાગ્યા સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતુ. જેમાં સૌથી વધુ પ્રાંતિજ બેઠકના ઉમેદવારને ૬૩૨ મત મળ્યા હતા. ત્યારબાદ બીજા નંબરે માલપુર બેઠકના વિકાસ પેનલના ઉમેદવાર અને પૂર્વ ડિરેક્ટર રહ્યા હતા આમ તો ચારેય બેઠક પૂર્વ ચેરમેન પ્રેરીત વિકાસ પેનલના ઉમેદવારોએ વિજય મેળવતા નવી ટર્મના ચેરમેન તરીકે જેઠાભાઈ પટેલ નિશ્ચિત મનાય છે. જોકે સહકારી કાયદા મુજબ નિયામક મંડળની ચૂંટણી યોજાયા બાદ એક માસમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવાની જોગવાઈ છે.

### કયા ઉમેદવારને કેટલા મત મળ્યા

| ઉમેદવારનું નામ | કેટલા મત મળ્યા |
|---|---|
| ગણપતભાઈ પ્રભાભાઈ પટેલ | ૨૪૮ |
| ડૉ. વિપુલ રમણભાઈ પટેલ | ૫૮૫ |
| પટેલ સુજીતકુમાર દશરથભાઈ | ૦૦૪ |
| બિપીનભાઈ કાંતિભાઈ પટેલ | ૨૦૫ |
| મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૬૩૨ |
| પટેલ જયંતિભાઈ નરસિંહભાઈ | ૦૦૪ |
| પટેલ ભોગીલાલ રમણલાલ | ૫૪૭ |
| પટેલ મહેન્દ્રકુમાર જેઠાભાઈ | ૨૮૬ |
| પટેલ જશુભાઈ શીવાભાઈ | ૬૨૯ |
| પટેલ હસમુખભાઈ રામાભાઈ | ૨૦૮ |



### સાબરડેરી ડિરેક્ટર પદે માલપુર બેઠક પર જશુભાઈ પટેલનો ભવ્ય વિજય

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબર ડેરીની ચૂંટણીમાં ૧૬ વિભાગમાંથી ૧૨ વિભાગના ડિરેક્ટર બિન હરીફ જાહેર થતા ૪ બેઠકો માટે ૧૦ ઉમેદવારો મેદાનમાં હતા જેમાં સાબરડેરીના વર્તમાન ચેરમેન જેઠાભાઈ પટેલ અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલની સંયુક્ત વિકાસ પેનલના માલપુર વિભાગ બેઠકના જશુભાઈ પટેલનો ભવ્ય વિજય થતા તેમના સમર્થકોએ ડીજેના તાલે વિજયોત્સવ મનાવ્યો હતો. અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમને અને કોંગ્રેસ અગ્રણી તથા સહકારી ક્ષેત્રમાં અગ્રણી જશુભાઈ શીવાભાઈ પટેલે સાબરડેરીની માલપુર વિભાગની બેઠક પર પરિવર્તન પેનલના હસમુખભાઈ રામભાઈ પટેલને કારમી હાર આપી હતી. જશુભાઈ પટેલ ૬૨૯ મત મળ્યા હતા તેમના હરીફને ૨૦૮ મત મળતા જંગી બહુમતીથી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો હતો. સાબરડેરીના માલપુર બેઠકના ડિરેક્ટર પદે જશુભાઈ શીવાભાઈ પટેલનો ભવ્ય વિજય થતા બંને જીલ્લાના સહકારી અગ્રણીઓ, કોંગ્રેસના અગ્રણિઓ અને દૂધ ઉત્પાદકોએ અભિનંદન વર્ષા કરી હતી.

# હિંમતનગર પાલિકાની વેરા વસુલાત ઝૂંબેશ : ૩૬ મિલ્કતો સીલ કરાઈ

## સીલ કરાયેલી મિલ્કતોમાં બે સહકારી સંસ્થાઓની મિલ્કતોનો સમાવેશ

હિંમતનગર, તા. ૨૩ વર્ષ ૨૦૧૮નું નાણાંકીય વર્ષ પૂર્ણ થવાના આરે એક માસ બાકી છે ત્યારે હિંમતનગર પાલિકા દ્વારા વેરાવસુલાતની ઝુંબેશને તેજ ગતિએ આગળ વધારાઈ રહી છે. ત્યારે શનિવારે પાલિકાના ટેક્ષ વિભાગ દ્વારા શહેરની ૩૬ મિલ્કતો સીલ કરી દેવામાં આવતા અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે. સીલ કરાયેલી આ મિલ્કતોમાં બે મિલ્કતો સહકારી સંસ્થાઓની છે.




આ અંગે પાલિકાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ટેક્ષની બાકી નિકળતી રકમની વસુલાત કરવા પાલિકાએ ઝુંબેશ શરૂ કરી છે. પાલિકાની હદમાં આવતા અંદાજે ૫૦૦૦ હજારથી વધુ બાકીદારોને સમયસર ટેક્ષ ભરી જવા માટે તાકીદ કરાઈ હોવા છતાં તે પૈકીના કેટલાક બાકીદારો દ્વારા ટેક્ષની ભરપાઈ કરાઈ નથી જેને લઈને પાલિકાએ શનિવારે વેરાવસુલાત ઝુંબેશ શરૂ કરી હતી.

આ ઝુંબેશના ભાગરૂપે પાલિકાના કર્મચારીઓએ સાબરકાંઠા જિલ્લા સંઘના સહકાર હોલ, ખેતીવાડી ઉત્પન બજાર સમિતિની બે, હિંમતનગર પછાતવર્ગ કેળવણી મંડળની છ મિલ્કતો સહિત અન્ય ૩૬ મિલ્કતોને સીલ કરી દેવામાં આવી છે. આ મિલ્કતોમાં મોતીપુરા વિસ્તારમાં આવેલ એક પવૈયાની મિલ્કતનો પણ સમાવેશ થાય છે. પાલિકાના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે જો આગામી દિવસોમાં બાકીદારો સત્વરે ટેક્ષની બાકી રકમ ભરપાઈ નહી કરે તો જરૂર પડે મિલ્કતો સીલ કરવા ઉપરાંત પાણીનો પુરવઠો પણ બંધ કરી દેવામાં આવશે.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક થરા નગરપાલિકાની વોર્ડ ત્રણની ચૂંટણી યોજાશે

કાંકરેજ, તા. ૨૩ થરા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણની પેટા ચૂંટણી દરમિયાન પાર્ટીના ઉમેદવાર તરીકે પૃથ્વીરાજસિંહ વાઘેલાએ કાંકરેજ મામલતદાર કચેરીમાં પોતાની શ્રીમતી રાજપૂતને રજૂ કરવામાં આવ્યું હતું અને ચીક્કી ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું ત્યારે કોંગ્રેસના



રાજકારણ ગરમાયુ છે. ત્યારે થોડા દિવસો પહેલાં જ કોંગ્રેસ પક્ષના બે કોર્પોરેટર ભાજપમાં ભળી જતાં કોંગ્રેસે સત્તા ગુમાવવી પડી હતી અને હવે થરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મૂળરાજસિંહ વાઘેલાનું નિધન થયું હતું તે વોર્ડ ૩ની જગ્યા ખાલી થયેલ ત્યારે હવે પેટા ચૂંટણી યોજાતા કોંગ્રેસ ભારે નુકસાન વેઠીને પણ ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી છે અને ભારતીય જનતા ઉમેદવારી પત્ર ભર્યું હતું અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સહકારી આગેવાન અણદાભાઈ પટેલ, ભારતસિંહ, સુખદેવસિંહ, કિરીટભાઈ ઠક્કર, વસંતજી ઘોઘોસ ઉપ પ્રમુખ થરા નગરપાલિકા, વનરાજસિંહ વાઘેલા, સહિત અન્ય ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને થરા નગરપાલિકાની વોર્ડ ત્રણ માટે ઉમેદવારી પત્ર કાંકરેજ મામલતદાર કોઈ ઉમેદવાર તરીકે નક્કી ન હોવાથી તેમને કોઈ ફોર્મ રજૂ કર્યું ન હતું પણ થરા નગરપાલિકાના વોર્ડ ત્રણને બિનહરીફ કરવાની તમામ પ્રકારની તૈયારીઓ ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે થરા નગરપાલિકા વોર્ડ ત્રણમાં મતદાન યોજાશે કે બિનહરીફ થશે તે અંગે અટકળોનો દોર શરૂ થઈ ગયો છે.

# કાંકરેજ તાલુકાના રૂની ગામે હેરાન કરતા વાંદરો પાંજરામાં પુરાયો

કાંકરેજ તાલુકાના રૂની ગામે વાંદરાઓનો ત્રાસ દિવસેને દિવસે વધતો જાય છે જેમાં બે ત્રણ દિવસથી બહાર વાંદરાના જુન્ડમાં બીજો એક વાંદરો આવી જતા લોકોને હેરાન પરેશાન કરવા લાગ્યો હતો. રૂની ગામે રહેતા લોકોના ઘરોમાં ઘુસીને પરેશાન કરતો હતો. આ શિહોરી ફોરેસ્ટ ખાતે જાણ કરતા આર.એફ.ઓ. આર.સી. મકવાણા, ફોરેસ્ટર બી.કે.



બંકુરા, વન રક્ષક એચ.કે. રાઠોડ તેમજ વન વિભાગના કર્મચારીઓ સાથે રૂની ગામે પોહચી ભારે જહેમત ઉઠવીને કપિરાજને પાંજરામાં પૂરવાનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને બપોરના સુમારે કપિરાજને પાંજરામાં પુરી વન વિભાગ દ્વારા સફળતા મેળવી હતી.




માલપુર તાલુકાના ઉભરાણ ગામમાં આવેલા રાજરાજેશ્વરી આઈ શ્રી ખોડિયાર માતાજીના મંદિરના પાટોત્સવની ભોઈરાજ મહેરા સમાજ ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાસ્ત્રીજી વામદેવ પંડ્યા દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ કુંડમાં શ્રીફળનો હોમ કરવામાં આવ્યો હતો.

# લોકસભાની ચૂંટણીનો સાબરકાંઠામાં સળવળાટ ભાજપ દ્વારા વિસ્તારક યોજના શરૂ કરાઈ

હિંમતનગર, તા. ૨૩ આગામી માર્ચ મહિનામાં લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થવાની શક્યતા છે ત્યારે સાબરકાંઠા ભાજપ દ્વારા તા. ૨૨ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધીની વિસ્તારક યોજનાનો પ્રારંભ કરાયો છે જે મુજબ જિલ્લામાં શક્તિકેન્દ્રો તથા બુથ લવલે કાર્યકરોને કામે લગાડી દેવામાં આવશે.

આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ તથા જયેશ પટેલના જણાવાયા મુજબ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદારોને જાગૃત કરવા માટે સાબરકાંઠાના ૩૦૦થી વધુ શક્તિકેન્દ્રોના માધ્યમથી ૧૩૦૦થી વધુ બુથના કાર્યકરોને કામે લગાડી દેવામાં આવ્યા છે. આ સપ્તાહ દરમિયાન હિંમતનગરમાં કેનાલ ફ્રન્ટ ખાતે કમલ જ્યોત નામના વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયુ છે.

ઉપરાંત સાબરકાંઠામાં આવેલ ચાર વિધાનસભા બેઠકમાં વિશાળ બાઈક રેલીનું આયોજન કરાયુ છે. આ બાઈક રેલી વિધાનસભા વિસ્તારના ૧૦૦ કિ.મી.માં પરિભ્રમણ કરશે.

# ભિલોડા એસ.ટી.બસ ડેપોના મહિલા કંડક્ટરે ૪૦ હજાર ભરેલું પર્સ મુસાફરને પરત કર્યું

ભિલોડા,તા.૨૩ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના હિંમતનગર ડિવિઝનમાં આવતા અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત એસ.ટી. સરસવ ગામમાં જવા માટે ચંદ્રાસા ગામના રહેવાસી નિલેશકુમાર હિરાભાઈ ડામોર એસ.ટી.બસ ડેપોની એસ.ટી.બસમાં બેઠા હતા. મુસાફરી દરમ્યાન રૂા.૪૦,૭૫૦/ડેપો ખાતે મુસાફરને બોલાવી રૂપિયા ભરેલું પર્સ મુસાફરને પરત કરતાં મુસાફરના પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડા એસ.ટી.બસ ડેપો



બસ ડેપોના મહિલા કંન્ડક્ટરએ રૂા.૪૦,૭૫૦/- ભરેલું પર્સ મુસાફરને પરત કરતાં એસ.ટી. બસના રોજીંદા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે. મહિલા કંન્ડક્ટરએ માનવતા દાખવી રૂપિયા ભરેલું પર્સ પરત આપતાં મુસાફરોમાં આનંદ છવાયો છે.

ભિલોડા એસ.ટી.બસ ડેપો મેનેજર એ.કે. બરંડા એ જણાવ્યું હતું કે ભિલોડા-ખોખરા રૂટની એસ.ટી. બસમાં ટીંટારણ થી - ભરેલું પર્સ એસ.ટી. બસમાં ઉતાવળમાં પડી ગયું હતું. કંન્ડક્ટર કમળાબેન ડામોરએ માનવતાની દષ્ટીએ રૂપિયા ભરેલું પર્સ ભિલોડા એસ.ટી.બસ ડેપોમાં ફરજ બજાવતા એ.ટી.આઈ. દિપકભાઈ એમ.સુથારને સુપરત કર્યું હતું. એ.ટી.આઈ. એ મુસાફરની એસ.ટી. બસની ટીકીટના આધારે તપાસ હાથ ધરતાં મુસાફરનો સંપર્ક કર્યો હતો. ભિલોડા એસ.ટી.બસ ટી.આઈ. પી.પી.રહેવર,કંન્ટ્રોલર રમેશભાઈ બી.અસારી, મુકેન્દ્રસિંહ સિસોદીયા, અરવિંદભાઈ ડામોર, રાજેશભાઈ અસારી,પ્રફુલ્લભાઈ બરંડા, ડ્રાઈવરો, કંન્ડક્ટરો તેમજ રોજીંદા મુસાફરોની ઉપસ્થિતીમાં રૂા.૪૦,૭૫૦/- ભરેલું પર્સ મુસાફરને સુપરત કરતાં એસ.ટી.બસમાં રોજીંદી મુસાફરી કરતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# સવગઢ પાસેથી ભુસાની આડમાં લઈ જવાતા ૧૧.૯૭ લાખના દારૂ અને બિયર સાથે ટ્રક પકડાયો

હિંમતનગર, તા. ૨૩ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સવગઢ પાસેથી એલસીબીએ બાતમીને આધારે શુક્રવારે રાત્રે ભુસાની આડમાં લઈ જવાતા રૂ. ૧૧.૯૭ લાખના દારૂ અને બિયર ભરેલ ટ્રકને ઝડપી લઈ એલસીબીએ બે જણાની અટકાયત કરી તેમની વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટશનમાં ફરીયાદ નોંધાવ્યા બાદ રૂ. ૨૪ લાખથી વધુનો મુદામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શામળાજી તરફથી હિંમતનગર થઈ મહેસાણા તરફ એક ટ્રકમાં દારૂ અને બિયરનો જથ્થો પાસ પરમિટ વિના લઈ જવાઈ રહ્યો છે તેવી બાતમીને આધારે એલસીબીએ હિંમતનગર બાયપાસ તરફથી આવતા વાહનોનું ચેકીંગ કરવા માટે નાકાબંધી કરી હતી.

દરમિયાન અહીંથી પસાર થઈ રહેલ ટ્રક નં. આર.જે.૨૭. જીએ.૪૧૭૪ શંકાસ્પદ જણાતા તેને સવગઢ આરટીઓ સર્કલ પરથી ઝડપી લેવામાં આવી હતી.



### મોડાસા-મેઢાસણ રોડ પર મેશ્વો જળાશય માઈનોર કેનાલ પાઈપલાઈનમાં ભંગાણ

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોને ખેતી માટે સિંચાઈ સુવિધા ઉપલબદ્ધ છે પરંતુ છાસવારે કેનાલમાં અને પાણી પુરી પડતી પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ખેડૂતોની પાણી માટે ટળવળવું પડે છે. મોડાસા નજીક મેશ્વો જળાશયમાંથી ખેડૂતોને પાણી પહોંચાડવા પાઈપલાઈન નાખવામાં આવી છે. જોકે કામગીરીમાં ઘણે ઠેકાણે વેઠ ઉતારવામાં આવી હોવાથી પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડતા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા-મેઢાસણ રોડ પર મેશ્વો જળાશય યોજનમાંથી પાણી પહોંચાડવા પાઈપલાઈન નાખવામાં આવી છે. પાઈપલાઈનમાં કેટલાક ઠેકાણે નાનામોટા લીકેજ જોવા મળી રહ્યા છે. શનિવારે પાઈપલાઈનમાં મોટું ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી વહી જતા ખેડૂતોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.